

# સપ્લાયરની આચારસંહિતા અને નૈતિકતા

## Know it. Speak it. Live it.

આપણે લીધેલા દરેક પગલામાં આપણા મૂલ્યોનું વહન કરીએ છીએ.

Magna International

# સામગ્રીનું કોષ્ટક

**વ્યાપારી વ્યવહારોમાં પ્રમાણિકતા લઇ આવવી ........ 3**

અવિશ્વાસ અને હરીફાઈ કાયદાઓ ........ 3

ભ્રષ્ટાચાર-વિરોધી અને લાંચ-વિરોધી કાયદાઓ ........ 4

ગિફ્ટ્સ અને મનોરંજન ........ 5

મંજૂરીઓ અને નિકાસ નિયંત્રણ કાયદા ........ 5

વિરોધાભાસી ક્ષેત્રોમાંથી સામગ્રી સોર્સ કરવી ........ 6

**કાર્યસ્થાનની અંતર્ગત પ્રમાણિકતા લઇ આવવી ........ 6**

નીતિવિષયક શ્રમ માનકો અને માનવાધિકારો પ્રત્યે આદર ........ 7

વૈવિધ્યતા અને સમાવેશીકરણ ........ 8

સ્વાસ્થ્ય અને સુરક્ષા ........ 9

પર્યાવરણ સંબંધી જવાબદારી ........ 9

ટકાઉપણું અને ડીકાર્બોનાઇઝેશન ........ 10

**આપણા કાર્યો દ્વારા પ્રમાણિકતા લઇ આવવી ........ 11**

હિતનો વિરોધાભાસ ........ 11

Magna ની માહિતી અને બૌદ્ધિક સંપદાનું રક્ષણ ........ 11

**સારા સંચાર સાથે પ્રમાણિકતા લઇ આવવી ........ 12**

ચિંતાજનક અને બિન-પ્રતિશોધની બાબતોની જાણ કરવી ........ 13

સપ્લાયર રિસ્ક મેનેજમેન્ટ તરફથી વિનંતીઓ ........ 13

અન્ય જરૂરિયાતો સાથે વિરોધાભાસ ........ 13

કાનૂની અનુપાલન નિષ્ણાતો તરફથી સમર્થન ........ 14

**અમારી સપ્લાયરની આચાર સંહિતા અને નૈતિકતા Magna સાથે અથવા Magna સાથે વ્યવહાર કરતી વખતે તમે જેની સાથે વ્યવસાય કરો છો તે કોઈપણ પેટા-સપ્લાયર સાથે વ્યવહાર કરવામાં સફળતા મેળવવા માટે માળખું પૂરું પાડે છે.**

**તે તમારી સાથેના અમારા કરારને લગતા એકંદર સંબંધનો અભિન્ન ભાગ છે અને તે મહત્વનું છે કે તમે તેને સમજો અને તેનું પાલન કરો.**

# વ્યાપારી વ્યવહારોમાં પ્રમાણિકતા લઇ આવવી

Magna ખાતે, અમે અમારા પોતાના માટે અને અમારા સપ્લાયરો માટે ઉચ્ચ નૈતિક માનકો સેટ કર્યા છે.

Magnaના સપ્લાયરો, સલાહકારો, સ્વતંત્ર કોન્ટ્રેક્ટરો, એજન્ટો અથવા અમારા વતી કાર્ય કરવામાં સંલગ્ન અન્ય કોઈપણ તૃતીય પક્ષ ("સપ્લાયરો") એ તેઓ જ્યાં પણ વ્યવસાય કરતા હોય ત્યાં, તેમને લાગ થતા કાયદા, અધિનિયમો, માનકો (સામુહિક રીતે "કાયદા") અને Magna નીતિઓના શબ્દ અને ભાવનાનું પાલન કરીને અખંડિતતા સાથે કાર્ય કરવું આવશ્યક છે. બદલામાં, તે પણ આવશ્યક છે કે તેમના પોતાના સપ્લાયરો આ સંહિતાની જરૂરિયાતોનું પાલન કરે.

આ સંહિતાની જરૂરિયાતો Magna સાથેના તમારા સંબંધ પર લાગ થાય છે નિયમો અને શરતોના અન્ય સેટ અથવા કોઈપણ કરારમાં સ્થાપિત જરૂરિયાતોની ઉપરાંત છે. અમારા સપ્લાયરોને લાગ કાયદાઓ અસંખ્ય અને અધિકારક્ષેત્ર મુજબ અલગ અલગ હોવા છતાં, કેટલાક મહત્વપૂર્ણ સિદ્ધાંતો છે જેનું પાલન આવશ્યક છે તેમાં સામેલ છે:

## અવિશ્વાસ અને હરીફાઈ કાયદાઓ

અમે સ્વતંત્ર અને નિષ્પક્ષ હરીફાઈનો આદર કરતાં દૃઢતાપૂર્વક હરીફાઈ કરીએ છીએ. અમે અમારા સપ્લાયરો તરફથી પણ આવી જ અપેક્ષા રાખીએ છીએ.



સપ્લાયરોએ તમામ લાગ અવિશ્વાસ અને હરીફાઈ કાયદાઓનું પાલન કરવું આવશ્યક છે અને હરીફાઈને અયોગ્ય રીતે ઘટાડતા હોય તેવા કોઈપણ કાર્યમાં તેઓ સંલગ્ન થઈ શકતા નથી. આવા પ્રતિબંધિત કાયદાઓના ઉદાહરણોમાં સામેલ છે કિંમત નક્કી કરવા, વેચાણની શરતો અથવા ડિસ્કાઉન્ટ સેટ કરવા, ઉત્પાદન સીમિત કરવા, બજારનું વિભાજન કરવા, ગ્રાહકો ફાળવવા, બિડિંગ પ્રવૃત્તિઓમાં સહકાર, ગ્રાહકો અને સપ્લાયરોનો બહિષ્કાર કરવા, કર્મચારી વળતર ફિક્સ કરવા અથવા એકબીજાના કર્મચારીઓને હાયર કરવાથી ટાળવા માટે હરીફો સાથે સંમત થવું. કેટલાક અધિકારક્ષેત્રોમાં, સંવેદનશીલ વ્યાવસાયિક માહિતીનો માત્ર વિનિમય કરવો ગેરકાયદેસર છે.

[Magnaની અવિશ્વાસ અને હરીફાઈ નીતિ વાંચો.]

**Magna**ના સપ્લાયરોએ તેઓ જ્યાં પણ વ્યવસાય કરતા હોય ત્યાં, તેમને લાગુ થતા કાયદા અને **Magna** નીતિઓના શબ્દ અને ભાવનાનું પાલન કરીને અખંડિતતા સાથે કાર્ય કરવું આવશ્યક છે.

## ભ્રષ્ટાચાર-વિરોધી અને લાંચ-વિરોધી કાયદાઓ

અમારા સપ્લાયરોએ તે તમામ કાયદાઓનું પાલન કરવું આવશ્યક છે જે અનુચિત વ્યાવસાયિક લાભ મેળવવા માટે કોઈપણ વ્યક્તિ કે એકમને કોઈપણ મૂલ્ય આપવાથી પ્રતિબંધિત કરતા હોય તેમજ તે કાયદાઓ જે ચોક્કસ નામું અને રેકોર્ડ્સ રાખવા માટે જરૂરી હોય.

સપ્લાયરોએ તમામ સ્થિતિઓમાં ભ્રષ્ટાચાર-વિરોધી અને લાંચ-વિરોધી કાયદાઓનું પાલન કરવું તથા સરકારી અધિકારીઓ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરતી વખતે ખાસ સાવચેત રહેવું આવશ્યક છે.

અમે કે અમારા સપ્લાયરો સંચાલન કરતા હોઈએ તે કોઈપણ વિશિષ્ટ અધિકારક્ષેત્રના વિશિષ્ટ કાયદા અથવા સ્થાપિત વેપારના સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા વિના, Magna "સુવિધા ચુકવણીઓ" અથવા "ગ્રીસ ચુકવણીઓ" કરવાનું પ્રતિબંધિત કરે છે (એટલે કે તે ચુકવણીઓ જેમાં નિમ્ન-સ્તરના સરકારી અધિકારીઓને નિયમિત સેવાઓ મેળવવા માટે નાની રકમનો સમાવેશ થાય છે જેના માટે વ્યક્તિ અથવા કંપની અન્યથા કાયદેસર રીતે હકદાર હશે. આનું ઉદાહરણ હશે તે ચુકવણી જે કોઈ ટેલિફોન અથવા સુવિધા કનેક્શનને ઝડપથી કરવા માટે થાય છે).



[Magnaની લાંચ અને અનુચિત ચુકવણીઓની નીતિ વાંચો.]

## ગિફ્ટ્સ અને મનોરંજન

કોઈપણ વ્યાવસાયિક નિર્ણયને પ્રેરિત કરવા અથવા પ્રભાવિત કરવા માટે (દા.ત. અનકૂળ શરતો ઑફર કરીને, સપ્લાયરને વ્યવસાય આપવો) Magnaના કર્મચારીને કોઈપણ ગિફ્ટ અથવા મનોરંજન ઑફર કરવું સખત રીતે પ્રતિબંધિત છે. જો તમે Magnaના કર્મચારીને કોઈપણ ગિફ્ટ અથવા મનોરંજન ઑફર કરવા માંગતા હોવ, તો તે વાજબી, ફક્ત પ્રસંગોપાત અપાયેલ અને સાધારણ મૂલ્યનું હોવું આવશ્યક છે.



વળતામાં, અમે Magnaના કર્મચારીઓને સપ્લાયરો પાસેથી ગિફ્ટ્સ અથવા મનોરંજનની વસ્તુઓની માંગણી કરવાથી પ્રતિબંધિત કરીએ છીએ. જો Magna કર્મચારી દ્વારા તમારી પાસે કોઈ ગિફ્ટ કે મનોરંજનની વસ્તુની માગણી કરવામાં આવે, તો તમારે તેની તાકીદે જાણ કરવી જોઈએ. ("રિપોર્ટિંગ સંબંધિત સમસ્યાઓ" નીચે જઓ).

Magnaની ગિફ્ટ્સ અને મનોરંજન સંબંધી નીતિ વાંચો.

## મંજૂરીઓ અને નિકાસ નિયંત્રણ કાયદા

અમે અમારા સપ્લાયરોથી તમામ લાગ નિકાસ નિયંત્રણ કાયદા તેમજ મંજૂર દેશો, એકમો, વ્યક્તિઓ કે ઔદ્યોગિક ક્ષેત્ર સાથેના વેપારી સંબંધોને પ્રતિબંધિત અથવા નિયંત્રિત કરતા કાયદાઓનું પાલન કરવાની આશા રાખીએ છીએ.

Magnaની મંજૂરીઓ અને વેપાર બંધીની નીતિ વાંચો.



## વિરોધાભાસી ક્ષેત્રોમાંથી સામગ્રી સોર્સ કરવી



એક જાહેર કંપની તરીકે જેના શેર યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટોક એક્સચેંજ પર યાદીબદ્ધ છે, આપણે યુ.એસ. કાયદા દ્વારા અસંખ્ય નિયુક્ત દેશોમાં બનતા સોનું, ટિન, ટંગ્સ્ટન, ટેંટેલમ અથવા રેસ્પોન્સિવ મીનેરલ્સ ઇનિશિએટિવ દ્વારા વ્યાખ્યાયિત અન્ય વિસ્તૃત ખનિજો જેવા મિનરલોના આપણા ઉપયોગને ટ્રૅક કરવા અને જાહેર કરવાની જરૂર છે.

વિનંતી કરવામાં આવે ત્યારે અમારા સપ્લાયરોને તેમના ઉત્પાદનોમાં આવા મિનરલોના તેમના ઉપયોગ અંગે એક નિર્ધારિત રિપોર્ટિંગ સાધન અને માળખાનો ઉપયોગ કરીને ડેટા અને રિપોર્ટ્સ, અમે વિનંતી કરીએ છીએ તે સ્વરૂપમાં પ્રદાન કરવાની જરૂર છે. આ ઉપરાંત, સપ્લાયરોને આવા ખનિજોના ઉદ્ગમને સ્થાપિત કરવા માટે આવી જ માહિતી તેમના સપ્લાયરો તરફથી માંગવી પડી શકે છે અને તેમના પરિણામો અમને પ્રદાન કરવા પડી શકે છે.



- સપ્લાયરોએ તેમને લાગ થતા કાયદાઓને જાણવા જોઈએ અને આવા કાયદાઓનું પાલન કરવું જોઈએ
- સપ્લાયરોએ હરીફાઈને સીમિત કરવા માટે હરીફો સાથે જોડાણ કરવું નહીં
- સપ્લાયરોને સરકારી અધિકારીઓને લાંચ આપવા પર સખત પ્રતિબંધ છે
- સપ્લાયરોએ મંજૂરીઓ અને નિકાસ નિયંત્રણ કાયદાઓનું ઉલ્લંઘન કરવું નહીં
- સપ્લાયરોએ વપરાયેલ અમુક ચોક્કસ મિનરલ્સના સ્ત્રોતને ઓળખવામાં Magnaને સહકાર આપવો આવશ્યક છે

# કાર્યસ્થાનની અંતર્ગત પ્રમાણિકતા લઇ આવવી

નિષ્પક્ષતા, સમાવેશીતા, સુરક્ષા અને સ્થિરતા એ મૂલ્યો છે જેને અમે Magnaમાં પ્રિય માનીએ છીએ અને અમારા સંચાલનોમાં તેને હાંસલ કરવાનો પ્રયાસ કરીએ છીએ. અમે અમારા સપ્લાયરો તરફથી પણ આવી જ અપેક્ષા રાખીએ છીએ.

# નીતિવિષયક શ્રમ માનકો અને માનવાધિકારો પ્રત્યે આદર

## Magna તમામ લાગ શ્રમ, રોજગાર અને માનવાધિકાર કાયદાઓનું પાલન કરવા પ્રતિબદ્ધ છે અને અમારા સપ્લાયરો તરફથી પણ સમાન પ્રતિબદ્ધતાની માંગ કરે છે.

Magna તમામ કામદારો સાથે નૈતિક વ્યવહાર માટે પ્રતિબદ્ધ છે, અને અમે ઇન્ટરનેશનલ લાંબે ઓર્ગેનાઇઝેશન (ILO) અને યુનાઈટેડ નેશન્સ (UN)ના માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનાં મૂળભૂત સંમેલનો સાથે સુસંગત શ્રમ અને રોજગારના ધોરણોનું પાલન કરીએ છીએ. અમે સપ્લાયરો પાસે એવા તુલનાત્મક ધોરણોનું અનુપાલન કરવાની અપેક્ષા રાખીએ છીએ હોય જે તમામ કામદારો માટે સ્વાભાવિક ગૌરવ અને આદરને ઓળખે.

**Magna ના વૈશ્વિક શ્રમ ધોરણો વાંચો.**

*કામ કરવાની વાજબી પરિસ્થિતિઓ માટે પ્રતિબદ્ધતા*

અમારા સપ્લાયરોએ (મર્યાદા વિના) લઘુત્તમ વેતન, લાભો, ઓવરટાઇમ, કામના કલાકો, આરામનો સમય અને ટાઈમ-ઓફ, વેકેશનનો સમય અને ગેરહાજરીની કાયદેસર રીતે જરૂરી રજાઓ સહિત (મર્યાદા વિના) રોજગાર ધોરણો પર લાગુ કાયદાઓનું પાલન કરવું આવશ્યક છે. સપ્લાયરોએ  કામદારોને યોગ્ય કાર્ય-જીવન સંતુલન પ્રદાન કરે તેવી કામ કરવા માટે સુરક્ષિત અને માનવીય પરિસ્થિતિઓ પ્રદાન કરવી જરૂરી છે.ફરજીયાત અને બાળ મજૂરીના ઉપયોગ પર પ્રતિબંધ

**અમારા સપ્લાયરોને ક્યારેય ફરજિયાત અથવા વેઠ મજૂરીનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. ગુલામીના** આધુનિક પ્રકારો, હિલચાલ અથવા વ્યક્તિગત સ્વતંત્રતા પરના પ્રતિબંધો અથવા દેવાના બંધનના સ્વરૂપોનો આશરો લીધા વિના તમામ રોજગાર સ્વૈચ્છિક અને મુક્તપણે પસંદ થયેલ હોવા જોઈએ. સપ્લાયરોને લાગુ પડતા કાયદાઓ અને ILO માર્ગદર્શિકા દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ, સગીર વયના મજૂરોને કામ પર રાખવા માટે પણ પ્રતિબંધિત છે, સિવાય કે જ્યાં યુવા કામદારોને સરકાર દ્વારા મંજૂર કરાયેલ અને સહમતિથી, જે સહભાગીઓના શૈક્ષણિક વિકાસને સ્પષ્ટપણે લાભ આપે તેવા ટ્રેનિંગ અથવા એપ્રેનટાઈસશીપ પ્રોગ્રામના ભાગ રૂપે રોજગાર આપવામાં આવે છે.

*સંઘ બનાવવાની સ્વતંત્રતા*

સપ્લાયરને કર્મચારીઓની સંઘ બનાવવાની સ્વતંત્રતા અને/અથવા સંઘ ન બનાવવાના અધિકારનો પણ આદર તે ઓળખીને કરવો જોઈએ કે બધા કામદારોને સંઘ અને મંડળીના મુદ્દાના સંદર્ભમાં વ્યક્તિગત પસંદગી કરવાનો અધિકાર છે, જેમાં સ્થાનિક કાયદાઓ સાથે સુસંગત, તેઓ યુનિયન અથવા વર્ક કાઉન્સિલ સાથે જોડાણ કરવા ઈચ્છે છે કે કેમ, તેનો પણ સમાવેશ થાય છે.

*સતામણી અને ભેદભાવ*

Magna ની નીતિઓ લાગુ માનવ અધિકાર કાયદાની જરૂરિયાતો સાથે સુસંગત છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે સપ્લાયરો કાયદેસર રીતે સુરક્ષિત અને વ્યક્તિગત લાક્ષણિકતાઓની વિરુદ્ધ તમામ પ્રકારની સતામણી અને ભેદભાવને પ્રતિબંધિત કરે અને આ મુદ્દાઓને સક્રિયપણે સંબોધવા અને ઉકેલવા માટે મજબૂત ટ્રેનિંગ, ફરિયાદ અને તપાસ પ્રક્રિયાઓ વિકસાવે.

*વાજબી અને બિન-ભેદભાવપૂર્ણ વળતર*

તેવી જ રીતે, અમે અપેક્ષા રાખીએ છીએ કે સપ્લાયરો, તમામ કર્મચારીઓ સાથે બિન-ભેદભાવપૂર્ણ વર્તનને સુનિશ્ચિત કરે તેવી વળતરની વાજબી પદ્ધતિઓનો ઉપયોગ કરીને, કર્મચારીઓને લાગુ પડતા લઘુત્તમ વેતન કાયદાને પૂર્ણ કરે અથવા તેનાથી વધુ

વાજબી જીવનધોરણ પ્રદાન કરે, જે જીવનની સામાન્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતું હોઈ. વળતરના કાર્યક્રમો કાયદા દ્વારા સુરક્ષિત અને વ્યક્તિગત લાક્ષણિકતાઓને ધ્યાનમાં લીધા વિના, ઉદ્દેશ્ય અને સ્પર્ધાત્મક માપદંડો પર આધારિત હોવા જોઈએ.

*સુરક્ષા દળોનો જવાબદાર ઉપયોગ*

Magna તેના લોકો અને સંપત્તિના રક્ષણના હેતુઓ માટે સુરક્ષા-સંબંધિત સેવાઓનો ઉપયોગ કરે છે. અમે સુરક્ષા સંબંધિત કર્મચારીઓના જવાબદાર ઉપયોગ માટે, કામદારોની સુરક્ષા અને વ્યક્તિગત અધિકારોનું સન્માન કરે, પ્રોત્સાહન આપે અને તેનું રક્ષણ કરે તેવા લાગુ પડતા ILO ધોરણો અને વૈશ્વિક સપ્લાય ચૈનના કાયદાઓને ઓળખીએ છીએ અને તેનું પાલન કરીએ છીએ. અમે અપેક્ષા રાખીએ છીએ સપ્લાયરો, સપ્લાય ચૈનમાં કામદારોના અંતર્ગત અધિકારોનું રક્ષણ કરવા માટે તુલનાત્મક પ્રોટોકોલ સ્થાપિત કરે.




**Magna તમામ લાગુ માનવાધિકારોનું પાલન કરવા પ્રતિબદ્ધ છે અને અમે અમારા સપ્લાયરો તરફથી આવી જ પ્રતિબદ્ધતાની માંગ કરીએ છીએ.**

# વૈવિધ્યતા અને સમાવેશીકરણ



વિશ્વભરમાં સુવિધાઓ અને કામગીરી સાથે, Magna વિવિધ પ્રકારના લોકો અને સંસ્કૃતિઓ સાથે જોડાય છે, અને અમે તેને અમારા વ્યવસાય માટે સ્પર્ધાત્મક લાભ તરીકે ઓળખીએ છીએ. તેથી જ અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા સપ્લાયરો ઉંમર, લિંગ, જાતિ, વંશીયતા પૃષ્ઠભૂમિ, રંગ, શારીરિક લક્ષણો, રાષ્ટ્રીયતા અથવા રાષ્ટ્રીય મૂળ, ભાષામાં તફાવત, ધર્મ, જાતીય અભિગમ અથવા લિંગની ઓળખ, કુટુંબ અથવા વૈવાહિક સ્થિતિ, શારીરિક, માનસિક અથવા વિકાસલક્ષી ક્ષમતા, સામાજિક આર્થિક સ્થિતિ અથવા કાયદા દ્વારા સુરક્ષિત અન્ય કોઈપણ વ્યક્તિગત લાક્ષણિકતાના આધારે કાર્યસ્થળે ઉત્પીડન અને ભેદભાવ પ્રતિબંધ લગાવે.

અમારું માનવું છે કે વધુ સપ્લાયરો, વિવિધ પરિપ્રેક્ષ્યોને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે, અને આમ વધુ ઉકેલો પ્રાપ્ત થાય અને અમારી સમગ્ર સંસ્થાને વધુ સફળતા મળે છે. Magna તમામ સપ્લાયરોને વિવિધતા અને સમાવેશને આગળ વધારવામાં જોડાવા પ્રોત્સાહિત કરે છે. આ પ્રયાસના સમર્થનમાં, સપ્લાયરોએ તેમની વિવિધતા અને સમાવેશ કાર્યક્રમો, પહેલો અને સિદ્ધિઓને લગતી વિનંતી કરેલી માહિતી શેર કરવાની જરૂર

પડશે. આવી માહિતીનો સંગ્રહ Magna દ્વારા અથવા અમારા વતી કામ કરતા તૃતીય પક્ષ દ્વારા પ્રત્યક્ષ રીતે કરવામાં આવશે. સપ્લાયરો માટે આ વિષય પરના કોઈપણ સર્વે અથવા ઓડિટનો જવાબ આપવો પણ જરૂરી છે.



• સપ્લાયરોએ તેમના કર્મચારીઓના અધિકારોનું સન્માન કરવું જોઈએ. ખાસ કરીને, તેઓએ ફરજીયાત અને બાળ મજૂરીનો ઉપયોગ ટાળવો જોઈએ.

• સપ્લાયરોએ લાગુ રોજગાર ધોરણોના કાયદાઓને અનુરૂપ કામ કરવાની વાજબી અને ભેદભાવ વિનાની પરિસ્થિતિઓ સ્થાપિત કરવી જોઈએ.

• સપ્લાયરો પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ કાર્યસ્થળ પર ઉત્પીડન તેમજ અયોગ્ય ભેદભાવને પ્રતિબંધિત કરે અને સાથે-સાથે આ મુદ્દાઓને ઉકેલવા માટે સુસંગત પ્રક્રિયાઓ પ્રદાન કરે.

• સપ્લાયરોએ તેમના કર્મચારીઓ માટે સલામત અને સ્વસ્થ કાર્યસ્થળ જાળવવું જોઈએ.

## સ્વાસ્થ્ય અને સુરક્ષા

અમારા સપ્લાયરોએ સ્વાસ્થ્ય અને સુરક્ષા સંબંધી કાયદાઓનું પાલન કરવું જરૂરી છે. આમાં કર્મચારીઓ માટે વ્યક્તિગત સુરક્ષા સાધનોની ઍક્સેસ સાથે એક સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થાન જાળવવાની ફરજ તથા તબીબી સારવારની જરૂર હોય તેવી ઇજાઓના ઉપચારની પ્રક્રિયા હોવાનો સમાવેશ થાય છે. Magna સપ્લાયરોને ISO 45001 વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા ધોરણોનું અથવા કોઈપણ અનુગામી ધોરણ માટેનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે.




## પર્યાવરણ સંબંધી જવાબદારી

અમે પર્યાવરણ સંબંધી જવાબદારી પ્રત્યે પ્રતિબદ્ધ છીએ. અમે સપ્લાયરો તરફથી અપેક્ષા રાખીએ છીએ કે તેઓ લાગ પર્યાવરણ સંબંધી કાયદાઓ અને નિયમોને પૂર્ણ કરે અથવા તેથી વધ કરે તથા તેમના કાર્યસંચાલનની પર્યાવરણ પર થતી અસરોને ન્યૂનતમ કરવા માટે પ્રતિબદ્ધ રહે.

સપ્લાયરો તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓની પર્યાવરણીય અસરનું નિયમિત મૂલ્યાંકન અને નિરીક્ષણ કરવું જોઈએ, સંસાધનોના ઉપયોગનું (ઊર્જા અને પાણી સહિત) સંચાલન અને તેને ઘટાડવું જોઈએ, કચરો અને ઉત્સર્જન ઘટાડવું જોઈએ, ઉત્પાદનના જીવન ચક્રના દરેક તબક્કે સામગ્રીને રિસાયકલ કરવી જોઈએ અને ડિઝાઇન અને ઈન્વોએશન દ્વારા પર્યાવરણીય અસર ઘટાડવી જોઈએ.




અમે ISO 14001 પર્યાવરણીય ધોરણ અને ISO 50001 ઊર્જા વ્યવસ્થાપન ધોરણ (અથવા કોઈપણ અનુગામી ધોરણો) માટે પ્રમાણપત્રને પ્રોત્સાહિત કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે એ પદાર્થો કે જે અમે અમારા સપ્લાયરો પાસેથી સામગ્રીરૂપે લઈએ છીએ, તે તમામ રાસાયણિક આવશ્યકતાઓનું પાલન કરતા હોય.

[Magnaની સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણ સંબંધી નીતિ વાંચો.]

## ટકાઉપણું અને ડીકાર્બોનાઇઝેશન

Magna લૉ કાર્બન સપ્લાય ચેઇન વિકસાવવાની મહત્વાકાંક્ષા રાખીને અને અમારી સપ્લાય ચેઇનમાં પારદર્શિતા અને સામાજિક જવાબદારી વધારીને ટકાઉ ભવિષ્યની ખાતરી કરવા માંગે છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે Magna ના સપ્લાયરો આ પ્રયાસમાં ભાગ લેશે અને સપ્લાય ચેઇનના તમામ સ્તરોમાં દૃશ્યતા અને યોગ્ય ખંતને સુધારવામાં મદદ કરશે.

આ સહભાગિતા Magna ની પ્રાથમિકતાઓ અને પ્રવૃતિઓ સાથે સંરેખિત થવાની છે જેમાં ડીકાર્બોનાઇઝેશન અને ઉર્જા સંરક્ષણ, કચરો ઘટાડવા, પાણીનો વપરાશ ઓછો કરવો અને પાણીની ગુણવત્તામાં ઘટાડો કરવો, જમીન સંરક્ષણ અને વન સંરક્ષણ, પ્રજાતિઓનું સંચાલન અને જૈવવિવિધતા, સ્વદેશી અધિકારો લોકો માટે આદર અને જમીન પરથી બળજબરીથી જપ્તી/ગેરકાયદેસર રીતે બહાર કાઢવા પર પ્રતિબંધનો સમાવેશ થાય છે, પરંતુ આના સુધી મર્યાદિત નથી.

Magna તમામ સપ્લાયરોને તેમના કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. આ પહેલને સમર્થન આપવા માટે, સપ્લાયરોએ તેમના કાર્બન ઉત્સર્જન તેમજ તેમની સપ્લાય ચેઇન સાથે સંબંધિત વિનંતી કરેલ ડેટા શેર કરવાની જરૂર પડશે. આ ડેટા Magna દ્વારા અથવા અમારા વતી કાર્ય કરતા તૃતીય

પક્ષ દ્વારા સીધો એકત્રિત કરવામાં આવશે. સપ્લાયરોએ આ વિષય પરના કોઈપણ સર્વે અથવા ઓડિટનો પણ જવાબ આપવો આવશ્યક છે.

સપ્લાયરો પાસેથી ડીકાર્બોનાઇઝેશન માટે ગ્લાઇડ પાથ સ્થાપિત કરવાની અને Magna સાથે તેમના લક્ષ્યો અને એકંદર વ્યૂહરચના શેર કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ કાર્યક્રમો અને પદ્ધતિઓ સુનિશ્ચિત કરે છે કે અમે સામૂહિક રીતે અમારા ધ્યેયો તરફ આગળ વધી રહ્યા છીએ, સંકળાયેલા જોખમોને ઘટાડી રહ્યા છીએ અને હિતધારકોની જરૂરિયાતો પૂરી કરી રહ્યા છીએ.

# આપણા કાર્યો દ્વારા પ્રમાણિકતા લઇ આવવી

અમારા કર્મચારીઓએ તેમના પગલાં દ્વારા દરરોજ તેમની અખંડિતતાને દર્શાવવી આવશ્યક છે. અમારા નૈતિક ધોરણો મુજબ રહેવામાં નિષ્ફળ હોઈ શકે તેવા કોઈપણ વ્યક્તિની સ્થિતિથી માહિતગાર થવા પર તેઓએ તે બદ્દલ બોલવાની પણ જરૂર છે. અમારા સપ્લાયરોએ પણ આ આચારસંહિતાના ઉલ્લંઘનની જાણ થવા પર આમ જ કરવાની જરૂર છે.

## હિતનો વિરોધાભાસ

અમારા વ્યવસાય ભાગીદારો સાથેના સંબંધો અખંડિતતા અને દૃઢ વ્યાવસાયિક નિર્ણય પર આધારિત છે તેની ખાતરી કરવા, અમારા કર્મચારીઓ હિતના વિરોધાભાસને તાકીદે જાહેર કરે તે જરૂરી છે. તે જ રીતે, અમે કોઈપણ સપ્લાયરને ફાયદો થઈ શકે તેવા વ્યાવસાયિક નિર્ણય લેવામાં અથવા તેને પ્રભાવિત કરવામાં Magnaના કર્મચારી સાથે કોઈ કૌટંબિક અથવા નજીકનો અન્ય વ્યક્તિગત સંબંધ હોય તેની જાણ કરવાની સપ્લાયર પાસે અપેક્ષા રાખીએ છીએ.



[Magnaની હિતના વિરોધાભાસ અંગેની નીતિ વાંચો.]

# Magna ની માહિતી અને બૌદ્ધિક સંપદાનું રક્ષણ

એક સપ્લાયર તરીકે, Magna અથવા તેના વ્યાવસાયિક ભાગીદારો (Magna ના ગ્રાહકો સહિત) તમને બૌદ્ધિક સંપદા, ગોપનીય કે વ્યક્તિગત માહિતી ("માહિતી") આપી શકે છે અથવા તેની ઍક્સેસ પ્રદાન કરી શકે છે. તમે સ્વીકારો છો કે તમે આવી માહિતી ઍક્સેસ અને જાળવણીના સંબંધમાં ઉચિત સુરક્ષા અને ભૌતિક સુરક્ષા પદ્ધતિઓને લાગ કરશો અને જાળવશો કે જે:

સપ્લાયરોએ કંપની અથવા સંસ્થાને મેગ્ના અથવા મેગ્નાના ગ્રાહકો, કર્મચારીઓ અથવા વ્યવસાયિક ભાગીદારોની માહિતી ગોપનીય રાખવી જોઈએ અને તેને કોઈપણ વ્યક્તિ (અન્ય મેગ્ના કર્મચારીઓ સહિત) સમક્ષ જાહેર કરવી

જોઈએ નહીં, સિવાય કે જ્યાં: યોગ્ય સંબંધમાં કાયદેસર રીતે, વ્યવસાયિક હેતુ માટે "જાણવાની જરૂર" હોય અને જાહેર કરતા પેહલાં યોગ્ય ગોપનીયતાના કરારો બનાવવામાં આવ્યા હોય. વધુમાં, અમારા સપ્લાયરો, તેમના કર્મચારીઓ અને તેમના પોતાના સપ્લાયરોએ Magna સાથે લાગ પડતા કાયદાઓ અને કરારો અનુસાર માહિતીનું સંચાલન અને પ્રક્રિયા કરવી જોઈએ.

તમે નીચે ઉજબ ખાતરી કરીને આવી માહિતીની ઍક્સેસ અને જાળવણી સંબંધિત યોગ્ય સલામતી અને ભૌતિક સુરક્ષા પ્રક્રિયાઓને જાળવવા અને લાગ કરવાની જરૂરિયાતને સ્વીકારો છો:


- આવા પ્રકારની માહિતી માટે જે ઓછામાં ઓછી ઉદ્યોગના માનકોની સમકક્ષ હોય; અને
- તેઓ માહિતીના આકસ્મિક અથવા ગેરકાયદેસર વિનાશ, નુકસાન, ફેરફાર અથવા અનાધિકૃત જાહેરાત કે ઍક્સેસની સામે વાજબી રીતે ઉચિત ટેકનિકલ અને સંગઠનાત્મક સેફગાર્ડ્સ પ્રદાન કરે.

વધુમાં, તમારે Magni ની સંમતિ વિના આવી માહિતી ક્યારેય જાહેર કરવી જોઈએ નહીં અને તેનો ઉપયોગ માત્ર Magna ને ઉત્પાદનો અને/અથવા સેવાઓ પ્રદાન કરવા માટે જ જોઈએ, અને આપણા સંબંધના અંતે (અથવા તેની જરૂર ન હોય ત્યારે) આ માહિતીને તાત્કાલિક પરત કરવી અથવા નાશ કરી દેવી જોઈએ. વધ વિગતો માટે, મેગ્ના સાથેના તમારા કરારના નિયમો અને શરતોનો અને તમે હસ્તાક્ષર કરેલ હોય તેવા કોઈપણ બિન-જાહેરાત કરારનો સંદર્ભ લો.જો તમને જાણ થાય કે Magna, તેના કર્મચારીઓ અથવા વ્યાવસાયિક ભાગીદારોની (તેના ગ્રાહકો સહીત) ગોપનીય અથવા વ્યક્તિગત માહિતી જાહેર કરવામાં આવેલ છે, અથવા તે કે Magnaની બૌદ્ધિક સંપદાના અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, તો તમારે તમારા મુખ્ય Magna સંપર્ક બિંદને તાત્કાલિક રીતે સૂચિત કરવું આવશ્યક છે.

# સારા સંચાર સાથે પ્રમાણિકતા લઇ આવવી

Magnaના સપ્લાયર તરીકે, અમે તમને આ સંહિતામાં એમ્બેડ કરેલી પ્રામાણિકતા અને અખંડિતતાના મૂલ્યોનું સમર્થન કરવા કહીએ છીએ. ખાસ કરીને, અમે નોંધ્યું છે કે આ આચારસંહિતાના ચોક્કસ ઘટકોનું ઉલ્લંઘન કરવું એ અમે સંચાલન કરીએ છીએ તે અધિકારક્ષેત્રમાં કાયદાનું ઉલ્લંઘન છે. Magna તેના સપ્લાયરો દ્વારા કાયદાના કોઈપણ ઉલ્લંઘનોને સહન કરતું નથી.

## ચિંતાજનક અને બિન-પ્રતિશોધની બાબતોની જાણ કરવી



તમારા કર્મચારીઓ આ સંહિતાને સમજે છે અને તેની જરૂરિયાતોનું પાલન કરે છે તેની તમે ખાતરી કરો અને યોગ્ય પગલાં લો તે અમારી માટે જરૂરી છે. અમે અપેક્ષા કરીએ છીએ કે સપ્લાયરો અને તેમના કર્મચારીઓને કાયદાના અથવા આ સંહિતાના ઉલ્લંઘનની જાણ થાય તો તે સ્થિતિમાં તેઓ તાકીદે બોલે (Magna માટે કામ કરતી વખતે), કાં તો સપ્લાયર પોતે અથવા Magna કર્મચારીઓ દ્વારા.

તમે તમારા મુખ્ય સંપર્કમાં હોય તે Magnaની અનુપાલન ટીમના સભ્ય એટલે કે Magna કર્મચારીને, અથવા Magnaની રિપોર્ટિંગ લાઇનનો ઉપયોગ કરીને કે જે magnahotline.com પર ઍક્સેસિબલ છે. મોટાભાગના દેશોમાં (જ્યાં કાયદેસર રીતે પરવાનગી છે) આ હોટલાઈન પર અજ્ઞાત રૂપે જાણ કરી શકાય છે.

સંજોગોના આધારે, Magna દ્વારા આ સંહિતાના પાલનમાં કોઈ સપ્લાયર દ્વારા નિષ્ફળતા પર ઉપાય માટે પગલાં લઈ શકાય છે, ઉદાહરણ તરીકે સુધારાત્મક માપદંડો લાગુ કરવામાં આવે ત્યાં સુધી સપ્લાયર સાથેના વ્યવસાયને સસ્પેન્ડ કરીને અથવા સપ્લાયર સાથેના સંબંધને સમાપ્ત કરીને.

## સપ્લાયર રિસ્ક મેનેજમેન્ટ તરફથી વિનંતીઓ



સમય-સમય પર, તમને તમારા વ્યવસાયની કામગીરી (દા.ત. કંપની મેનેજમેન્ટ, સપ્લાય ચૈન, કામ કરવાની પરિસ્થિતિઓ અને માનવ અધિકારો, કાચા માલનું જવાબદાર સોર્સિંગ, નાણાકીય પરિણામો, સાયબર સુરક્ષા વગેરે) વિશેની માહિતી, Magna સપ્લાયર રિસ્ક મેનેજમેન્ટ ટીમ (અથવા તેમના વતી કાર્ય કરતી તૃતીય પક્ષ) તરફથી (સર્વેક્ષણ, ઑડિટ અથવા સમીક્ષાના માધ્યમ દ્વારા) માગણવામાં આવશે. કૃપા કરીને આવી વિનંતીઓનો તાત્કાલિક અને સંપૂર્ણ પ્રતિસાદ આપો. તમારા પ્રતિસાદના પરિણામે તમારે, Magna દ્વારા નિર્ધારિત વાજબી સમયગાળામાં, સુધારાત્મક કાર્ય યોજનાનો અમલ કરવાની જરૂર પડી શકે છે.

## અન્ય જરૂરિયાતો સાથે વિરોધાભાસ

આ દસ્તાવેજમાંની કોઈપણ જરૂરિયાત Magna ગ્લોબલ સપ્લાય ચેનની જરૂરિયાતો અથવા Magna સપ્લાયર્સની અન્ય કોઈપણ જરૂરિયાતો (દા.ત. તમારી અને Magna વચ્ચે સ્થાપિત કોઈપણ કરાર હેઠળ) સાથે વિરોધાભાસ ઊભો કરે તો તે સ્થિતિમાં આ દસ્તાવેજમાંની જરૂરિયાતો પ્રવર્તનીય રહેશે.

Driving Integrity
Know it. Speak it. Live it.

- સપ્લાયરોના કર્મચારીઓ આ સંહિતાથી પરિચિત હોવા જોઈએ અને તેની શરતોનું પાલન કરતા હોવા જોઈએ.
- આ સંહિતા અથવા કાયદાના ઉલ્લંઘનની જાણ થાય તો સપ્લાયરે બતાવવું આવશ્યક છે.
- સપ્લાયરોને સદ્ભાવના અનુપાલન અંગેની બાબતોને ઉઠાવનાર કોઈપણ કર્મચારી સામે બદલો લેવાની મનાઈ છે.

## કાનૂની અનુપાલન નિષ્ણાતો તરફથી સમર્થન

જો તમને આ સપ્લાયરની આચારસંહિતા અને નૈતિકતાની જરૂરિયાતો વિશે કોઈપણ પ્રશ્ન હોય, તો તમારે Magna ખાતેના તમારા મુખ્ય સંપર્કનો સંપર્ક કરવો જોઈએ. તમે તમારા પ્રશ્નોને Magnaની નૈતિક્તા અને કાનૂની અનપાલન વિભાગને પણ નિર્દેશિત કરી શકો છો.

Forward.
For all.

Effective Date: January 1, 2017
Last Reviewed: April 3, 2024
Next Review Date: Q2, 2027
Issued by: Ethics and Legal Compliance
Approved by: Magna Compliance Council

magna.com